# ૐ પવિત્ર પ્રાર્થના ૐ શ્રી ગુરુદેવ દત્ત ૐ

સત્‌ચિદાનંદેશ્વરમ્ ગજાનનમ્ દિગંબરમ્
અવધૂતં ચ મંગલમ્ વિદેહી પાવનમપરમ્ ।
અમૃતં સમ દર્શનમ્ સમરસમ્ યતીશ્વરમ્
વંદે વિશ્વવિનાયકં શ્રી સમર્થ ગુરુવરમ્ ।

## શ્રી ગજાનન બાવની

જય યોગીશ્વર શ્રી ગુરુદેવ, શ્રી ગજાનન જય મહાદેવ
પરબ્રહ્મનાં છો અવતાર, પ્રગટી કીધો ભકતોધ્ધાર
માધ કૃષ્ણ સાતમને દિન, પ્રગટયા સમર્થ ભકતાધિન
કોણ હશે તવ માત ને તાત, થવા સ્વયંભૂ તમે અજાત
કેવું દિવ્ય દિગંબર રૂપ, તેજ પૂંજ સ્વરૂપ અનુપ
મુખ ઉપર તે ધરી ચિલમ, એ તવ માયાનો ઈલમ
"ગણ ગણ ગણાંત બોતે" એમ, મહામંત્રને વદતા તેમ
ત્યાં તો લોક કરે અનુમાન, આ ગણપતિ ગજાનન જાણ
વાણી પ્રવાહ અગમ્ય વહે, રહસ્ય નુગરો ક્યાંથી લહે ?
એઠાં પત્રાળાનું અન્ન, આરોગ્યું થઈ અતિ પ્રસન્ન
અન્ન તમે અન્નાદ તમે, લહીએ કયાંથી પામર અમે?
જડ ચેતનમાં ભાળી બ્રહ્મ, નિવાર્યો ભકતોનો ભ્રમ
વિધિ નિષેધાતીત સમર્થ, શંકા કરવાનો શું અર્થ
અવધૂતોની ગત ન્યારી, લીલા અગમ્ય છે ભારી ૧૪
દેશમુખનું દારૂણ દુઃખ, પોતે લઈને આપ્યું સુખ
પોતે તો પ્રારબ્ધથી પર, પર પ્રારબ્ધ લીધા શિર પર
આકોલીનો નિર્જલ કૂવો, બાર વર્ષથી સૂકો જુઓ
આવી કૃપા દ્દષ્ટિ તું કરે, નિર્મળ જળથી પૂર્ણ ભરે
હરિ પાટિલ ઉપર ઉપકાર, સંતનો સ્વાભાવિક વ્યવહાર
બાળકૃષ્ણ બુવા એક ભક્ત, રામદાસ ચરણે આસકત
રામદાસ નવમી એ ત્યાંય, તુજમાં નિજ ગુરુ દર્શન થાય
ગુરુના નામ ને રૂપ અનેક, ગુરુ તત્વ સઘળે છે એક
રાષ્ટ્રતણા ઉધ્ધાર ને કાજ, બંદી બન્યા તિલક મહારાજ
મોકલીયો ભાખરી પ્રસાદ, દીધો અમોઘ આશિર્વાદ
"ગીતા રહસ્ય" નું નિર્માણ, તિલકે કીધું દિવ્ય પ્રદાન
સુખલાલની તોફાની ગાય, દ્દષ્ટિ માત્રે શાંત જ થાય ૨૬
કારંજાના લક્ષ્મણ ધૂડે, તેને ઉદર શૂળ પીડે
કેરી તેં અડધી ખાધી, ખવાડી તે ટાળ્યો વ્યાધિ
પિતાંબર કરી ગુરુ સ્મરણ, શુષ્ક કાષ્ઠને આણે પર્ણ
રક્તપિત્તનો રોગી જેહ, ગંગાભારતી દુ:ખિત તેહ ૩૦
ગુરુ નિષ્ઠાથી નિરામય થાય, જીવનભર તુજ ગુણલા ગાય
ગુરુકૃપાની ન્યારી વાત, સંકત સર્વે થાતાં મ્હાત
આતિથ્યે કરી ખર્ચ અપાર, બંડુ થયો બહુ દેવાદાર
સોનામહોરની દઈ ગાગર, ફેડયું ભકત તણું દળદર ૩૪
સોમવતી પર્વણી પ્રસંગ, ૐ કારેશ્વર ભક્તો સંગ
ભકતોના આગ્રહથી નાથ, નૌકામહીં બિરાજ્યા સાથ
કાણું પડતાં નૌકા માંહ્ય, આવી ઉગારે રેવા માય
અગણિત એવી લીલા કરી, ભકતોને મન શ્રદ્ધા ભરી ૩૮
સેવા નિષ્ઠા જોઈ ભકત, બંકટલાલને કીધા મુકત
માધવની સૂણી આર્ત પુકાર, પૂર થકી ઉતાર્યો પાર
તમ વિણ કયાં ફેલાવું હાથ?, રહેજો સદાય અમ સંગાથ
ભૂ વૈકુંઠ કર્યુ શેગાંવ, ભવસાગરથી તારે નાવ
કરી લીલા ત્યાં બત્રીસ વર્ષ, ગાયે તેની મટે ભવ તર્ષ
ગુપ્ત છતાં ભકતોનો કાજ, હાજર હજૂર છે મહારાજ ૪૪
ભાવે ગુરુને ભજશે જાણ, થાશે આત્યંતિક કલ્યાણ
સતત ગુરુનું અનુસંધાન, સંધ્યા એ જપ તપને દાન
દાસ ગણુનો ગ્રંથ વિજય, ભાવે પઢે થાશે ગુરુમય
કૃપાસિંધુ કરુણાનિધાન, મા વિસરો હું તો નાદાન ૪૮
પાઠ કરે આ બાવન વાર, શ્રદ્ધાથી બાવન ગુરુવાર
તેના પાતક સર્વ બળે, અને મનીષા સત્વર ફળે
વિઠ્ઠલ ચરણે ધારી પ્રીત, ગાય ગુરુ ગુણલાનું ગીત
ઈહ પરલોકે ચાહે વિજય, બોલ ગજાનનની જય જય.